# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-10-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM-મન કી બાત:

**પ્રધાનમંત્રીએ તહેવારોની મોસમ દરમિયાન સ્થાનિક કારીગરો દ્વારા બનાવેલા ઉત્પાદનોને પ્રાથમિકતા આપવા વિનંતી કરી.**

**શ્રી મોદીએ કહ્યું કે આજે, દેશભરમાં આશરે 1 લાખ 90 હજાર 'આયુષ્માન આરોગ્ય મંદિરો' લોકોના જીવનમાં નવી સુવિધાઓ લાવી છે. તેમણે કહ્યું કે આ આરોગ્ય મંદિરો, એક રીતે, ગ્રામ પંચાયતો માટે આરોગ્ય કેન્દ્રો તરીકે વિકાસ કરી રહ્યા છે.**

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે 31 ઓક્ટોબરે, સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ, અને એકતા દિવસ, નિમિતે દેશભરમાં 'રન ફોર યુનિટી'નું આયોજન કરવામાં આવે છે. શ્રી મોદીએ દરેકને આ વર્ષના રન ફોર યુનિટીમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવાની અપીલ કરી.**

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને દિવાળી અને છઠ સહિતના આગામી તહેવારોની શુભેચ્છા પાઠવી.**

**-----------------------------------------------------------------------------------------------**

## અંબાજીમાં ઇકો-ફ્રેન્ડલી પ્રસાદ પેકેજિંગ:

**સોમનાથ મંદિર ખાતે સફળ ઇકો-ફ્રેન્ડલી પ્રસાદ પેકેજિંગ મોડેલને હવે અંબાજી મંદિરમાં અપનાવામાં આવશે, જેથી પ્રસાદના પેકેજિંગમાંથી સિંગલ-યુઝ્ડ પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડી શકાય. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા અમદાવાદની N.I.D પાસે તૈયાર કરવામાં આવેલા**

વિકલ્પોમાં શેરડીના વેસ્ટમાંથી બનાવાયેલા કન્ટેનર અને ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવા ટીનનાં કન્ટેનરનો સમાવેશ થાય છે.

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, " પ્રસાદ વિતરણમાં ઇકો-ફ્રેન્ડલી વિકલ્પો અપનાવવાથી અંબાજીમાં દર વર્ષે આશરે **135.6** ટન પ્લાસ્ટિકના કચરાને અટકાવી શકાશે.

---------------------------------------------------------------------------------------------

## જિલ્લામાં 8 દબાણો દુર કરાયા:

જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં સરકારી જમીન અને જાહેર મિલકતોને ગેરકાયદેસર દબાણોથી મુક્ત કરાવવાની ઝુંબેશના ભાગરૂપે ગત તા. ૨૪-૨૫ ઓક્ટોબરના રોજ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નોંધપાત્ર કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી અંતર્ગત જિલ્લાના વિવિધ તાલુકાઓમાં કુલ ૮ ગેરકાયદેસર દબાણો દૂર કરીને કુલ ૨૦,૨૨૬ ચોરસ મીટર સરકારી જમીન દબાણમુક્ત કરાવવામાં આવી છે. આ જમીનની અંદાજિત કિંમત રૂ. ૩ કરોડ ૧૩ લાખ જેટલી થાય છે.

આ ઝુંબેશ હેઠળ દૂર કરાયેલા કુલ ૮ દબાણોમાં ૨ ધાર્મિક, ૪ વાણિજ્યિક તથા ૨ અન્ય પ્રકારનાં દબાણોનો સમાવેશ થાય છે. તાલુકાવાર કામગીરીમાં અંજાર તાલુકામાં સૌથી વધુ ૩ દબાણો દૂર કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાપર તાલુકામાં ૨, જ્યારે ભુજ, નખત્રાણા અને અબડાસા તાલુકામાં એક-એક દબાણ દૂર કરવામાં આવ્યું છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આવી ઝુંબેશ આગામી સમયમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------

## ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા કાર્યવાહી:

ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડાં કરતા તત્વો સામે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ભુજ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગત તા.૨૩મીએ ભુજ તાલુકાના ભીરંડીયારા સ્થિત એક "ડેરી ફાર્મ" પર ઓચિંતી તપાસ કરવામાં આવી હતી. જે દરમિયાન પેઢી દ્વારા દૂધ અને તેની બનાવટોનો વ્યાપારી ધોરણે વેપાર થતો હોવાનું જણાયું હતું. સ્થળ પર પનીર બનાવવાની પ્રક્રિયા તદ્દન શંકાસ્પદ અને ખાદ્ય સુરક્ષાના ધોરણો વિરુદ્ધ હોવાનું માલૂમ પડતા શંકાસ્પદ પનીર અને દૂધની બનાવટોના નમૂના લઈ, ગુણવત્તા ચકાસણી માટે પૃથ્થકરણ અર્થે મોકલી આપવામાં આવ્યા છે.

પેઢીમાંથી મળી આવેલ પનીર અને દૂધની બનાવટનો જથ્થો માનવ સ્વાસ્થ્ય માટે હાનિકારક જણાતો હોવાથી જાહેર આરોગ્યના હિતમાં અંદાજે ૬૯૯ કિલોગ્રામ શંકાસ્પદ જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------------------------------------

## કાઝરી-ખેડુત જાગૃતિ કાર્યક્રમ:

કુકમા સ્થિત પ્રાદેશિક સંશોધન કેન્દ્ર દ્વારા ભુજ તાલુકાના ભુજોડી ગામ ખાતે `ખેત બચાવો અભિયાન-રવી' અંતર્ગત એક દિવસીય ખેડૂત જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ટકાઉ કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવાનો, જમીનની ફળદ્રુપતામાં સુધારો કરવાનો, પાણીના કાર્યક્ષમ વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવાનો અને રાસાયણિક ખાતરો પરની નિર્ભરતા ઘટાડવાનો હતો. આ કાર્યક્રમમાં કુલ **30** ખેડૂતે ભાગ લીધો હતો.

---------------------------------------------------------------------------------------------------

## વાતાવરણ જાકળ:

ભેજના પ્રમાણમાં વધારા સાથે જીલ્લાના અનેક વિસ્તારોમાં રાત્રિએ ઝાકળવર્ષા વરસવાનું શરૂ થયા બાદ સવારના ભાગે ઝાકળભીનો માહોલ છવાયેલો જોવા મળ્યો હતો. ભુજ, મુંદરા, નખત્રાણા સહિતના તાલુકાઓમાં ઝાકળની અસર વધુ જોવા મળી હતી. ઝાકળવર્ષાની સાથે કેટલાક વિસ્તારમાં ધુમ્મસ પણ છવાયેલું જોવા મળ્યું હતું. મહત્તમ તાપમાનમાં સામાન્ય ઘટાડો

છતાં જિલ્લામાં તાપનો પ્રભાવ જળવાયેલો રહ્યો હતો. ભુજમાં મહત્તમ ઉષ્ણતામાન 38, તો કંડલા બંદર –હવાઈ મથકે મહત્તમ ઉષ્ણતામાન 36 ડિગ્રી નેંધાયું હતું. નલિયામાં લઘુતમ પારો સતત ત્રીજા દિવસે 19 ડિગ્રીના આંકે સ્થિર રહેતાં વહેલી સવારે એ વિસ્તારમાં ઠંડકની અસર જોવા મળી હતી.

---

## ક્રિકેટ:

ભારતિય મહિલા ટીમે ઝિમ્બાબ્વેની મહિલા ટીમને બીજી વન ડે મેચમાં 121 રને હરાવી ત્રણ વન ડેની શ્રેણી બે વિરુદ્ધ શુન્ય મેચ થી જીતી લીધી છે ભારતીય ટીમ ના 6 વિકેટે 328 રનના વિશાળ જુમલા સામે ઝિમ્બાબ્વેની ટીમ 207 રનમાં આઉટ થતા પરાજય ખમવો પડ્યો હતો. વૈષ્ણવી શર્માએ ચાર અને દિપ્તી શર્માએ 3 વિકેટ ઝડપી હતી, એ અગાઉ ભારતિય મહિલા ટીમે 6 વિકેટના ભોગે 328 રન કર્યા હતા. દિપ્તી શર્મા 106 રને અણનમ રહ્યા હતાં, જ્યારે હરમનપ્રીત કૌરે 126 રન અને પ્રતિકા રાવલ 61 રન કર્યા હતા.

---